JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC | durashine TATA BLUESCOPE STEEL
TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK
Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઈઝના પતરા
• JSW | મોરછાપ | Colouron+ પતરા
• JINDAL | સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN | APOLLO | NEZONE-MS | GI-PIPES
• સીમેન્ટ|પ્લાસ્ટીકના નાળવાળા|પ્લેન પતરા | સ્ક્રુ
• પોલીકાર્બોનિટ | PVC શીટ | રૂફીંગ એસેસરીઝ
durashine TATA BLUESCOPE STEEL
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવો સુદ ચોથ મંગળવાર ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૭૫
પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# છૂટક ફુગાવો આઠ મહિનાની ઉંચાઈએ: 4.82 ટકા

**સતત** ત્રીજા મહિને છૂટક ફુગાવો આરબીઆઇની ઉપલી રેન્જથી ઉપર, ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં થયેલા વધારાની અસર

**શહેરી** વિસ્તારો કરતા ગ્રામીણ વિસ્તારોમાં મોંઘવારી વધુ જણાઇ

**નવી દિલ્હી, તા. 14:** ઓગસ્ટ મહિનામાં છુટક ફુગાવો વધીને 4.82 ટકા થયો હતો. જુલાઈમાં 4.45 ટકા હતો, જે આઠ મહિનાની ઉંચાઇ પર પહોંચ્યો હતો અને આરબીઆઇના લક્ષ્યાંક ચાર ટકાની ઉપર બંધ રહ્યો હતો. છુટક ફુગાવો વધવા પાછળ ખાદ્ય ચીજોની ઉંચી કિંમત છે, જેથી લોકોના ઘરોનું બજેટ ખોરવાઇ રહ્યું છે.

સીપીઆઇ એટલે કે છુટક ફુગાવો સતત ત્રીજા મહિને આરબીઆઇના લક્ષ્યાંક 4 ટકાથી ઉપર રહ્યો છે. મે મહિનામાં તે 3.93 ટકા હતો. જુનમાં તે વધીને 4.38 ટકા અને જુલાઈમાં 4.45 ટકા થઇ ગયો હતો. ઓગસ્ટનો 4.82 ટકા આંકડો 2025 આધાર વર્ષ માટે નવી સીપીઆઇ શ્રેણીમાં આઠ મહિનામાં સૌથી વધુ છે. ઓગસ્ટ માટેના ફુગાવાના ડેટા એ છેલ્લો રિટેલ ફુગાવાનો ડેટા છે જે આરબીઆઇની આગામી નીતિ બેઠક પહેલા બહાર આવ્યો હતો. મોનીટરી પોલિસી કમિટીની બેઠક 5થી 7 ઓકટોબર દરમ્યાન યોજાશે. સપ્ટેમ્બરનો ફુગાવાના આંકડા 12 ઓકટોબરે આવશે. સરકારી આંકડા દર્શાવે છે કે, ગ્રામીણ વિસ્તારોમાં મોંઘવારી વધારે છે.

ઓગસ્ટમાં ગ્રામીણ સીપીઆઇ ફુગાવો 5.23 ટકા રહ્યો હતો, જે જુલાઇમાં 4.84 ટકા હતો. જ્યારે શહેરી ફુગાવો 3.96 ટકાથી વધીને 4.31 ટકા થયો છે. છૂટક ફુગાવો વધવા માટે કાંદા, લસણ, આદુ, ખાંડ, દૂધ વગેરે ખાદ્ય વસ્તુઓના વધેલા ભાવો અને ઈંધણના ભાવમાં પણ વધારાને જવાબદાર માનવામાં આવે છે. ઓગસ્ટમાં ડુંગળીનો ફુગાવો જુલાઈના ૨૨.૫૪ ટકા સામે વધીને ૪૮.૨૭ ટકા થયો હતો. લસણનો ફુગાવો જુલાઈના ૩૫.૩૬ ટકાથી વધીને ૪૩.૬ ટકા થયો હતો. બીજી તરફ, ટામેટાં, બટાટા, ભીંડા અને પરવળના ભાવમાં ઘટાડો થયો હતો.

ગુજરાતમિત્ર
મિચ્છામી દુક્કડમ્
આજે જૈન સંવત્સરીના પાવન પ્રસંગે ગુજરાતમિત્ર સૌને અંતઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ્ પાઠવે છે.
- વ્યવસ્થાપક

## લંડનની થેમ્સ નદીના કાંઠે પ્રથમ વખત 'ગંગા આરતી'



**ચિન્મય** મિશનની 75મી વર્ષગાંઠે ઈકો-ફ્રેન્ડલી 'મહાઆરતી'

**હજારો** લોકો મંત્રોચ્ચાર અને દીપમાળાના નાદે ઝૂમ્યા

**હવેથી** દર વર્ષે યોજાશે આ ઐતિહાસિક પર્વ

લંડન, તા. 14 (પીટીઆઈ): યુકેની રાજધાની લંડનમાં રવિવારે થેમ્સ નદીના કિનારે પ્રથમ વાર ઐતિહાસિક 'ગંગા આરતી'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. 'ચિન્મય મિશન યુકે' દ્વારા તેની 75મી વર્ષગાંઠની વૈશ્વિક ઉજવણીના ભાગરૂપે અને વાર્ષિક 'ટોટલી થેમ્સ ફેસ્ટિવલ'ના સહયોગથી આ 'થેમ્સ પર ગંગા આરતી: એક પ્રકાશ ઉત્સવ' યોજાયો હતો, જેમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને સ્થાનિક લોકો જોડાયા હતા.

ભારતમાં પવિત્ર ગંગા નદીના કિનારે યોજાતી વિશ્વપ્રસિદ્ધ આરતીની તર્જ પર લંડનના મધ્યમાં પ્રકૃતિ, જ્ઞાન અને ચેતનાના સતત વહેતા પ્રવાહના પ્રતીક રૂપે આ આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રીનવિચ ખાતે જૂની રોયલ નેવલ કોલેજના ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર મંત્રોચ્ચાર અને સંગીતની રમઝટ સાથે બહુસ્તરીય દીપમાળાઓ પ્રગટાવીને નદી અને પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી. ચિન્મય મિશનના વૈશ્વિક વડા સ્વામી સ્વરૂપાનંદે જણાવ્યું હતું કે, મા ગંગાના પવિત્ર ભાવ, આપણી સંસ્કૃતિ,

...અનુસંધાન પાના 15 પર

## UCC મુદ્દે NDAમાં આંતરિક ખેંચતાણ

**અમિત** શાહના '2029'ના દાવો સામે JDUમાં બે ફાટા

**JDU** નેતા સંજય ઝા અમિત શાહ સાથે ચર્ચા કરશે; શ્યામ રજાકે કહ્યું- 'બિહારમાં યુસીસી લાગુ કરવાનો પ્રશ્ન જ નથી'

**વિપક્ષ** RJDએ આક્રમક થઈ 'નફરતની રાજનીતિ'નો આક્ષેપ કર્યો

**મુસ્લિમ** મતબેંક અને સત્તાનું રાજકારણ ગરમાયું

**નવી દિલ્હી-પટના, તા. 14 (PTI):** દેશભરમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાગુ કરવાના મુદ્દે સત્તાધારી એનડીએ (NDA)ના મહત્વના સહયોગી પક્ષ જનતા દળ (યુનાઈટેડ)ના નેતાઓના વિરોધાભાષી નિવેદનો સામે આવતા નવો રાજકીય વિવાદ છેડાયો છે.

રવિવારે મુંબઈમાં યોજાયેલી એક પત્રકાર પરિષદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દાવો કર્યો હતો કે 2029 પહેલાં તમામ 21 એનડીએ શાસિત રાજ્યોમાં યુસીસી લાગુ કરી દેવામાં આવશે. આ દાવાના બીજા જ દિવસે, સોમવારે જેડી(યુ)ના નેતાઓએ આ મુદ્દે અલગ-અલગ સૂર વ્યક્ત કર્યા હતા.

શાહના નિવેદન અંગે પૂછાતા જેડી(યુ)ના કાર્યકારી અધ્યક્ષ સંજય ઝાએ સોમવારે દિલ્હીમાં જણાવ્યું હતું કે, રાજ્યોમાં યુસીસી લાગુ કરવાના મુદ્દે ચર્ચા કરવા માટે તેમની પાર્ટીનું નેતૃત્વ ટૂંક સમયમાં જ ગૃહમંત્રી અમિત શાહ સાથે બેઠક કરશે. બીજી તરફ, પટના ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા જેડી(યુ)ના વરિષ્ઠ નેતા શ્યામ રજાકે સ્પષ્ટ શબ્દોમાં દાવો કર્યો હતો કે, તેમની પાર્ટીએ સંસદમાં યુસીસી બિલનું સમર્થન કર્યું હોવા છતાં, બિહારમાં તેને લાગુ કરવાનો સખત વિરોધ છે. રજાકે ભારપૂર્વક કહ્યું હતું કે, પક્ષના સર્વોચ્ચ નેતા નીતિશ કુમારે આ અંગેનું વલણ અગાઉથી જ સ્પષ્ટ કરી દીધું હતું અને બિહારમાં યુસીસી લાગુ કરવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

ઉલ્લેખનીય છે કે, બિહારમાં હાલ ભાજપના નેતા સમ્રાટ ચૌધરી મુખ્યમંત્રી તરીકે સરકાર ચલાવી

...અનુસંધાન પાના 15 પર

## દિલ્હી ડાયરી

### બ્રિક્સ સમિટમાં 100% શાકાહારી ભોજન સમારંભ

ગયા અઠવાડિયે નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટ માટે એકઠા થયેલા વિશ્વના નેતાઓએ સમિટના મહાનુભાવો માટે દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા યોજાયેલા ભવ્ય રાત્રિભોજનમાં સમગ્ર દેશમાંથી લાવવામાં આવેલી વિશ્વ વિખ્યાત પરંપરાગત ભારતીય વાનગીઓની મજા માણી હતી. આ ભોજન સમારંભ મોદીની વ્યક્તિગત માન્યતાઓ અને શાસક પક્ષની રાજકીય વિચારસરણી અનુસાર સંપૂર્ણપણે (૧૦૦ ટકા) શાકાહારી હતો, જે એક અલગ બાબત છે. શાકાહારી વાનગીઓમાં ખાંડવી, મિલ ફ્યુઇ, કુંભ ગલોટીથી લઈને પનીર લબાબદાર, મિલેટ પુલાવ અને પરંપરાગત ભારતીય મીઠાઈઓ સામેલ હતી. સાંજના આ ભોજન સમારંભમાં પ્રાદેશિક સ્વાદ અને પરંપરાગત વાનગીઓને પ્રદર્શિત કરતું ખાસ તૈયાર કરાયેલ ભારતીય મેનૂ રજૂ કરવામાં આવ્યું હતું, તેની સાથે ભારત અને બ્રિક્સના અન્ય સભ્ય દેશોના ૧૦૦થી વધુ કલાકારોના જૂથ દ્વારા સાંસ્કૃતિક પ્રદર્શન પણ રજૂ કરવામાં આવ્યું હતું. અંગ્રેજી અને હિન્દી બંને ભાષામાં પ્રદર્શિત કરાયેલા મેનૂ કાર્ડમાં પ્રદેશની ક્લાસિક વાનગીઓથી

...અનુસંધાન પાના 15 પર

## ચીને ૨૦૨૫માં LAC પર દળોની તૈનાતી ઘટાડી: સંરક્ષણ મંત્રાલયનો અહેવાલ

**LAC** પર તમામ ક્ષેત્રોમાં ભારતીય સેનાની તૈનાતી મજબૂત અને કોઇ પણ સ્થિતિને પહોંચી વળવા તૈયાર છે

**નવી દિલ્હી, તા. 14 (PTI):** રક્ષા મંત્રાલયના તાજેતરના અહેવાલમાં જણાવાયું છે કે ચીને ૨૦૨૫માં વાસ્તવિક નિયંત્રણ રેખા(LAC) પર પોતાના સૈનિકોની તૈનાતીમાં ઘટાડો કર્યો છે.

મંત્રાલયે તેના ૨૦૨૫-૨૬ ના વાર્ષિક અહેવાલમાં આ બાબતનો ઉલ્લેખ કર્યો છે. અહેવાલમાં જણાવાયું છે કે, વર્ષ ૨૦૨૫માં ઉત્તરીય સરહદોની સામે પીપલ્સ લિબરેશન આર્મી (PLA)ના દળોની તૈનાતીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો, જેમાં એલએસી (LAC) પર અને પરંપરાગત તાલીમ વિસ્તારોમાં ૧૦ કમ્બાઈન્ડ આર્મ્સ બ્રિગેડ કદના સૈન્ય દળો તૈનાત કરવામાં આવ્યા છે.

અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે LAC પર તમામ ક્ષેત્રોમાં ભારતીય સેનાની તૈનાતી મજબૂત, સારી સ્થિતિમાં અને કોઈપણ ઉભરતી સ્થિતિ પહોંચી વળવા તૈયાર છે. ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણ બાદ ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં ભારે તણાવ આવી ગયો હતો. ચાર વર્ષથી વધુ સમયના તણાવપૂર્ણ સંબંધો પછી, ઑક્ટોબર ૨૦૨૪માં રશિયાના કઝાન શહેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ ઝી જિનપિંગ વચ્ચે પૂર્વ લડાખમાં મડાગાંઠ સમાપ્ત થયા બાદ યોજાયેલી બેઠક પછી બંને દેશોએ સંબંધો સુધારવાનું શરૂ કર્યું હતું. છેલ્લા કેટલાક મહિનાઓમાં, બંને પક્ષોએ તેમના સંબંધોને પુનઃસ્થાપિત કરવા માટે શ્રેણીબદ્ધ પગલાં લીધાં છે. મોદી અને ઝીએ શનિવારે નવી દિલ્હીમાં યોજાયેલી બ્રિક્સ સમિટ ટાણે વધુ એક બેઠક યોજી હતી. રક્ષા મંત્રાલયના અહેવાલમાં 'ઓપરેશન સિંદૂર' નો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે તે માત્ર એક ઓપરેશનલ સફળતા નથી પરંતુ એક વ્યૂહાત્મક નિવેદન હતું. "આ ઓપરેશને માત્ર આપણી અજોડ બહુ-ક્ષેત્રીય ક્ષમતા, વ્યૂહાત્મક દૂરદર્શિતા અને આપણા સશસ્ત્ર દળોના સંયમને જ પ્રદર્શિત

...અનુસંધાન પાના 15 પર

## અમેરિકી શેરબજાર ગગડ્યું, ઓઈલ અને ગેસના ભાવ ઉછળ્યા

**અમેરિકી** શેરબજારના વિવિધ ઇન્ડેક્સો પર ફ્યુચર્સ ગગડી ગયા

**બ્રેન્ટ** ક્રૂડ વધીને બેરલ દીઠ 107.37 ડોલર થયું

**હોંગકોંગ, તા. 14 (AP):** આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI)ના વિકાસને ધીમો પાડવાની માંગણીઓ વધુ તીવ્ર બનતાં અને મધ્ય પૂર્વમાં ઉર્જા પરિવહનના મહત્વપૂર્ણ સ્થળે ઈરાની પ્રોક્સી હુથી વિદ્રોહીઓએ તેમના સૈન્ય અભિયાનને ઝડપી બનાવતા ક્રૂડ ઓઈલ અને ગેસોલિનના ભાવ સતત વધી રહ્યા છે, જેના કારણે યુએસ ફ્યુચર્સમાં ઘટાડો નોંધાયો છે.

સોમવારે S|P 500 માટેના ફ્યુચર્સમાં 0.7 ટકાનો અને ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજમાં 0.2 ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે ટેકનોલોજી આધારિત નાસ્ડેક પરના ફ્યુચર્સ 1.6 ટકા ગગડ્યા હતા. ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેને વીકએન્ડ દરમિયાન એન્થ્રોપિકના સીઈઓ ડારિયો એમોડેઈના વલણનું સમર્થન કરતા જણાવ્યું હતું કે, આ દુનિયા બદલી નાખનારી ટેકનોલોજી સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરવા માટે AI ઉદ્યોગે તેના વિકાસની ગતિ ધીમી કરવી જોઈએ. જો કે, AIની સુરક્ષા અંગે વધતી જતી ચિંતાઓની અસર શેરબજારમાં લિસ્ટેડ ચિપમેકર કંપનીઓના શેરો પર પડી હતી. એનવીડિયાના શેરમાં 2.7 ટકાનો અને ઈન્ટેલના શેરમાં લગભગ 6 ટકાનો ઘટાડો નોંધાયો હતો. બ્રોડકોમ, ટેક્સાસ ઈન્સ્ટ્રુમેન્ટ્સ અને એડવાન્સ્ડ માઈક્રો ડિવાઈસિસના શેરોમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. સાઉદી અરેબિયાએ હોર્મુઝની સામુદ્રધૂનિને બાયપાસ કરવા માટે વપરાતી તેની એક મુખ્ય ઓઈલ પાઈપલાઈન પરના હુમલા બાદ તેને બંધ કરી દેતાં, વૈશ્વિક પુરવઠા અંગે ચિંતાઓ વધી છે અને પરિણામે ક્રૂડ ઓઈલના ભાવમાં 2 ટકાથી વધુનો ઉછાળો આવ્યો છે.

આંતરરાષ્ટ્રીય માનક ગણાતા બ્રિટીશ બ્રેન્ટ ક્રૂડનો ભાવ 2.6 ટકા વધીને બેરલ દીઠ 107.37 ડોલર થયો હતો. ફેબ્રુઆરીના અંતમાં ઈરાન યુદ્ધ શરૂ થયું તે પહેલાં આ ભાવ બેરલ દીઠ અંદાજે USD 72 હતો. યુએસ બેન્ચમાર્ક ક્રૂડ 2.3 ટકા વધીને બેરલ દીઠ 102.39 ડોલર પર પહોંચ્યું હતું. મોટર ક્લબ AAA અનુસાર, ગેસોલિનના ભાવમાં પણ ઝડપી ઉછાળો ચાલુ રહ્યો છે, જે રાતોરાત સરેરાશ USD 4.32 પ્રતિ ગેલન સુધી પહોંચી ગયા છે. આ ગયા સપ્તાહની સરખામણીએ 16 સેન્ટ વધુ છે. શિપિંગ અને મેન્યુફેક્ચરિંગમાં ઉપયોગ થવાને કારણે ગ્રાહક કિંમતો પર વધુ અસર કરતા ડીઝલના ભાવ વધુ ઝડપથી વધી રહ્યા છે, જે રાતોરાત 3 સેન્ટ વધીને USD 6.23 પર પહોંચી ગયા છે.

## યમનના હુથીઓએ વધુ ટાપુઓ કબજે કર્યા

**અમેરિકાનું** જીબુટી બેઝ તેમની રેન્જમાં આવી ગયું, મયુન ટાપુ પછી હાનીશ ટાપુઓ પણ કબજે કર્યાઃ સાઉદીના મર્યાદિત હુમલા છતાં આગેકૂચ ચાલુ રહી

**રાતા** સમુદ્રના મહત્વના ક્રૂડ માર્ગ પર હુથીઓની પકડ વધુ મજબૂત બની, ઇરાનને લાભ થવાની વકી, ક્રૂડના વૈશ્વિક ભાવો પર વધુ દબાણ આવશે

**કેરો, તા. 14 :** ઈરાનનો ટેકો ધરાવતા યમનના હુથી બળવાખોરોએ વધુ આગેકૂચ કરી છે અને તેમણે રાતા સમુદ્રમાં વુધ કેટલાક વ્યુહાત્મક ટાપુઓ કબજે કર્યા છે. રાઈફલો અને એઆઈથી સજ્જ ઈરાન સમર્થિત આ સશસ્ત્ર જૂથનો હુમલો એટલો તીવ્ર રહ્યો છે કે તેમણે આફ્રિકામાં આવેલા અમેરિકાના એકમાત્ર સૈન્ય મથક - જીબુટી સ્થિત 'કેમ્પ લેમોનિયર'ને પણ પોતાના એટેક ડ્રોન અને બેલિસ્ટિક મિસાલોની અરેન્જમાં લાવી દીધું છે.

> **પેરિમ તરીકે પણ ઓળખાતો મયુન ટાપુ ખૂબ વ્યહાત્મક મહત્વ ધરાવે છે**
>
> મયૂન, જે પેરિમ તરીકે પણ ઓળખાય છે, તે બાબ અલ-મંદેબ સામુદ્રધુનીની મધ્યમાં આવેલો એક નાનો જ્વાળામુખી ટાપુ છે, જે લાલ સમુદ્રને એડનની ખાડી અને હિંદ મહાસાગર સાથે જોડે છે. આ એશિયા અને યુરોપ વચ્ચેના વેપાર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ ટાપુ આ સાંકડા જળમાર્ગને બે શિપિંગ ચેનલોમાં વિભાજિત કરે છે. રોઇટર્સના અહેવાલ મુજબ, આ સામુદ્રધુની તેના સૌથી સાંકડા બિંદુએ લગભગ 29 કિમી પહોળી છે, જે તેને વિશ્વના સૌથી સંવેદનશીલ માર્ગોમાંથી એક બનાવે છે.

મોટા અને નાના હનીશ ટાપુઓ પરનો આ કબજો એવા સમયે આવ્યો છે જ્યારે સાઉદી સમર્થિત સરકારી દળોએ વીકએન્ડ દરમિયાન ફરી સંગઠિત થઈને લડત આપવાનો પ્રયાસ કર્યો હતો. આ લડત વિદ્રોહીઓની બાબ અલ-મંદેબ સમુદ્રધૂની આસપાસની ઝડપી આગકૂચ પછી કરવામાં આવી હતી, જે હોર્મુઝ સ્ટ્રેટના વિકલ્પ તરીકેનો એક મહત્વનો માર્ગ છે. હૂથી વિદ્રોહીઓની આ નવી સફળતા તેમને સાઉદી ક્રૂડ ઓઇલના શિપમેન્ટ માટે વધુ મોટો ખતરો બનાવવાની તક આપે છે. સાઉદી અરેબિયા આ તેલ શિપમેન્ટ માટે રાતા સમુદ્રનો ઉપયોગ હોર્મુઝ સામુદ્રધૂનિના વિકલ્પ તરીકે કરતું રહ્યું છે, જ્યાં ઈરાન જહાજો પર હુમલા કરી રહ્યું છે. હુથીઓની આ આગેકૂચ ખાસ કરીને સાઉદી ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રેડ સીમાં તેના જહાજો પર હૂથી હુમલાઓ–વૈશ્વિક ઓઈલ પુરવઠા અને ભાવ પર દબાણ વધારે છે, અને આ સ્થિતિ અમેરિકા સાથેના યુદ્ધમાં ઈરાનને વધારાનું દબાણ બનાવવાની શક્તિ આપી શકે છે. ક્રૂડ માટે મહત્વના જળમાર્ગ પર આ સાથે હુથીઓની પકડ વધુ મજબૂત થઈ ગઈ છે.


બે સરકારી અધિકારીઓ અને એક હૂથી અધિકારીના જણાવ્યા અનુસાર, દ્વીપસમૂહમાંથી સેંકડો સરકાર સમર્થિત દળો પીછેહઠ કરી ગયા પછી, હૂથી વિદ્રોહીઓએ

...અનુસંધાન પાના 15 પર

### તા. ૧૪-૦૯-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
| --- | --- | --- |
| | ૬૫.૦ મીમી | ૬૩૯ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | ૨૭.૮ સે. | ૨૫.૪ સે. | ૯૪% |

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩
#SelfieWithGanesh
SELFIE WITH GANESH

"ગનુદાદા" સાથે આજીવન યાદગીરી રાખવાની તક આ વખતે ફરી 'ગુજરાતમિત્ર" પૂરી પાડે છે. તમારા ઘર, સોસાયટી અથવા વિસ્તારના મંડપમાં બિરાજમાન ગણેશજી સાથેની સેલ્ફી અથવા ગ્રુપની સેલ્ફી પાડો અમને મોકલો અમે "ગુજરાતમિત્ર"માં પ્રકાશિત કરી આજીવન યાદ રહે એવી આપની તસ્વીર 'સેલ્ફી વિથ ગણેશ' કોર્નરમાં છાપીશું.
તમારી "બપ્પા" સાથેની સેલ્ફી તમારા નામ, વિસ્તારના નામ અને મોબાઈલ નંબર સાથે નીચે જણાવેલ Instagram હેન્ડલ પર 'MESSAGE' ઓપ્શનમાં જઈ મોકલી આપો.
Gujaratmitra
માત્ર ઉપર જણાવેલ ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર મેસેજ કરેલી સેલ્ફી અને વિગતો જ 'ગુજરાતમિત્ર' અખબારમાં પ્રકાશિત કરવામાં આવશે